# મોબાઈલ પર ઈન્ટરનેટ સર્ફિંગ મોંઘુ

નવીદિલ્હી,તા.૫

મોબાઇલ ઉપર ઇન્ટરનેટ સર્ફિંગ હવે ખર્ચાળ સાબિત થશે. કારણ કે, ટેલિકોમ કંપનીઓએ રેટમાં ૧૦૦ ટકા સુધીનો વધારો કરી દીધો છે. એરટેલ પણ હવે મોબાઇલ રેટમાં ૩૩ ટકા સુધીનો વધારો કરી ચુકી છે. વોડાફોન અને આઈડિયા દ્વારા મોબાઇલ ઇન્ટરનેટ રેટમાં વધારાની પહેલાથી જ અમલી કરવામાં આવી ચુક્યા છે. ટેલિકોમ ઓપરેટરોએ ઇન્ટરનેટના રેટ દેશભરમાં જૂન-સપ્ટેમ્બરના ગાળામાં ૧૦૦ ટકા સુધી વધારી દીધા છે. ત્રણ કંપનીઓ મોબાઇલ સર્વિસ માર્કેટમા ૫૭ ટકા હિસ્સેદારી ધરાવે છે. આનો મતલબ એ થયો કે, મોટાભાગના લોકોને ઇન્ટરનેટ સર્ફિંગ માટે મોબાઇલ ઉપર વધારે રૂપિયા ચુકવવા પડશે. જાણકાર લોકોનું કહેવું છે કે, એરટેલ અને આઈડિયા સેલ્યુલર દ્વારા આ સંદર્ભમાં કોઇ ટિપ્પણી મળી નથી પરંતુ વોડાફોન ઇન્ડિયાના પ્રવક્તાએ કહ્યું છે કે, બે મહિના અગાઉ જ અમે એક જીબી પેક માટે ટુજીના બેઝ ટેરિફને ૧૫૫ રૂપિયાથી વધારીને ૧૭૫ કરી ચુક્યા છે. જુદા જુદા સર્કલોમાં તબક્કાવાર રીતે આને અમલી બનાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. એરટેલ અને આઈડિયાએ પણ એક જીબી ટુજી મોબાઇલ ઇન્ટરનેટ પેકના રેટ ૧૫૫ જીબીથી વધારીને ૧૭૫ કરી દીધા છે. ટેલિકોમ ઓપરેટરો મોબાઇલ ટેરિફમાં સામાન્યરીતે વધારાની જાહેરમાં જાહેરાત કરતા નથી. આ ફેરફાર નવા રેટ અમલી બનાવવામાં આવ્યા બાદ તેમની વેબસાઇટ ઉપર જોવા મળે છે. ટેલિકોમ ઓપરેટરો એસએમએસ મારફતે પોસ્ટ પેઇડના કસ્ટમરોને સર્વિસ રેટમાં ફેરફાર અંગે માહિતી આપે છે.

આગામી બિલ આવે તે પહેલા માહિતી આપે છે જ્યારે ૯૦ ટકા બજાર ધરાવનાર પ્રિ-પેઇડ કસ્ટમરોને જ્યારે તેઓ તેમના મોબાઇલ ફોનને રિચાર્જ કરાવવા પહોંચે છે ત્યારે જ વધારવામાં આવેલા રેટ અંગે માહિતી મળે છે. અથવા તો કંપનીઓની વેબસાઇટો ઉપર માહિતી મળે છે. ટેલિકોમ ઓપરેટરોને હવે ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઇને દરોમાં ફેરફાર અંગે માહિતી આપવાની જરૂર છે. વોડાફોન અને આઈડિયા સેલ્યુલર રેટ વધારી ચુક્યા છે. એરટેલે પણ મોબાઇલ ઇન્ટરનેટ રેટમાં સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં વધારાની શરૂઆત કરી હતી. એરટેલમાં ટુજી ડેટાપેક રેટ પ્રતિ ૧૦કેબી ૧૦ પૈસા સુધી છે.





આજે વડાપ્રધાન મોદીએ મહારાષ્ટ્રમાં પ્રથમ ચૂંટણીની પ્રચાર પ્રસાર સભા સંબોધી હતી. વડાપ્રધાન મોદીએ મહારાષ્ટ્રના તસગાંવ અને કોલ્હાપુરમાં સભા સંબોધી હતી. નાસિકમાં થનાર રેલીને ભારે વરસાદ નડતા નાસિકની રેલી રદ કરવામાં આવી હતી ત્યારબાદ હવે મોદી ગોંદિયામાં ચૂંટણી પ્રચારને સભાને સંબોધી રહ્યા છે. કોલ્હાપુરમાં મોદીના આગમન સમયે જબરદસ્ત  ઉત્સાહ જોવા મળ્યો હતો. અહીં મંચ પર પહોંચતા જ મોદી સાહબ આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈ ના જોરશોરથી લોકો સૂત્રો પોકારવા લાગ્યા હતા. તો કેટલાક લોકો મોદીને સાંભળવા માટે મોટા ઝાડ પર તો કેટલાક ટાવર પર ચઢી ગયા હતા.

# ટોપ ૩ કંપનીઓની મૂડીમાં ૩૮,૭૬૮ કરોડનો વધારો

નવી દિલ્હી,તા. ૫

શેરબજારમાં છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન સેન્સેક્સની ટોપની ૧૦ કંપનીઓ પૈકીની ત્રણ કંપનીઓની માર્કેટ મુડીમાં સંયુક્તરીતે ૩૮૭૬૮.૪૫ કરોડનો વધારો થયો છે જ્યારે અન્ય સાત કંપનીઓની માર્કેટ મુડીમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. આઇટીની મોટી કંપનીઓ ટીસીએસને આ ગાળા દરમિયાન સૌથી મોટો ફાયદો થયો છે. છેલ્લા સપ્તાહ દરમિયાન ટીસીએસ, ઇન્ફોસીસ અને સન ફાર્માની માર્કેટ મુડીમાં વધારો થયો છે. જ્યારે ઓએનજીસી, આરઆઇએલ, આઇટીસી, સીઆઇએલ, એચડીએફસી બેંક, એસબીઆઇ અને આઇસીઆઇસીઆઇ બેંકની માર્કેટ મુડીમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. આ સાત કંપનીઓની સંયુક્ત માર્કેટ મુડીમાં ઘટાડો આશરે ૨૬૯૨૫.૪૫ કરોડનો રહ્યો છે. કારોબાર દરમિયાન ટીસીએસની માર્કેટ મુડીમાં ૧૮૧૮૬.૭૯ કરોડનો વધારો થયો છે જેથી તેની માર્કેટ મુડી હવે વધીને ૫૪૩૬૮૪.૧૩ કરોડ સુધી પહોંચી ગઇ છે. જ્યારે સન ફાર્માની માર્કેટ મુડીમાં ૧૧૦૪૯.૩૪ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી વધીને હવે ૧૭૮૨૦૮.૧૫ કરોડ થઇ ગઇ છે. આવી જ રીતે ઇન્ફોસીસની માર્કેટ મુડી ૯૫૩૨.૩૨ કરોડ વધીને ૨૨૦૯૨૦.૧૪ કરોડ થઇ ગઇ છે. આની બિલકુલ વિરુદ્ધમાં ઓએનજીસીની માર્કેટ મુડીમાં ૮૧૭૦.૪૯ કરોડનો ઘટાડો થયો છે. જેથી તેની માર્કેટ મુડી ઘટીને ૩૪૪૪૮૬.૮૧ કરોડ થઇ ગઇ છે. આઇટીસીની માર્કેટ મુડીમાં ૬૧૪૦.૧૮ કરોડનુ ગાબડુ પડ્યું છે. જેથી તેની માર્કેટ મુડી ઘટીને ૨૯૦૩૦૨.૭૬ કરોડ થઇ ગઇ છે. આઇસીઆઇસીઆઇ બેંકે ૫૭૩૮.૦૨ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. જેથી તેની માર્કેટ મુડી ઘટીને ૧૬૫૨૯૩.૮૧ કરોડ થઇ ગઇ છે. સીઆઇએલની માર્કેટ મુડી ઘટીને ૨૧૭૩૧૪.૫૨ કરોડ થઇ છે. તેન માર્કેટ મુડીમાં છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન ૨૪૯૪.૯૬ કરોડનો ઘટાડો થયો છે. આરઆઇએલની માર્કેટ મુડી પણ ૨૧૯૯.૨૮ કરોડ છેલ્લા સપ્તાહ દરમિયાન ઘટી જતા તેની માર્કેટ મુડી ઘટીને ૨૯૯૭૪૯.૫૪ કરોડ થઇ ગઇ છે. એચડીએફસી બેંકે પણ છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન તેની માર્કેટ મુડી ગુમાવી છે. તેની માર્કેટ મુડીમાં ૬૯૬.૮૪ કરોડનો ઘટાડો થયો છે. ટોપ ટેન કંપનીઓની યાદીમાં ટીસીએસ પ્રથમ ક્રમાંકે યથાવત છે. ત્યારબાદ બીજા ક્રમાંકે ઓએનજીસી, આરઆઇએલના નંબર છે. છેલ્લા સપ્તાહ દરમિયાન સેન્સેક્સમાં ૫૮ પોઇન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૨૬૫૬૮ રહી હતી.હવે આવતીકાલથી નવા કારોબારી સપ્તાહની શરૂઆત થશે જેમાં કંપનીઓ વચ્ચે માર્કેટ મુડીને લઇને સ્પર્ધા જામશે.

# સરકાર હેલ્થ એસ્યોરન્સ મિશન હાથ ધરવા તૈયાર

નવીદિલ્હી,તા. ૫

સરકાર આ વર્ષના અંત સુધી મહત્વકાંક્ષી યુનિવર્સલ હેલ્થ એસ્યોરન્સ મિશન હાથ ધરનાર છે. આરોગ્ય મંત્રાલય દ્વારા તેની દરખાસ્તની વિગતો તૈયાર કરી લીધી છે. આ દરખાસ્ત હેઠળ આરોગ્ય વિમા છત્ર હેઠળ તમામ ભારતીયોને લાવવાનો છે. મંત્રાલયના સૂત્રોનું કહેવું છે કે, સ્કીમ અમે તૈયાર કરી લીધી છે. રાજ્યો સાથે આ સંદર્ભમાં વાતચીત ચાલી રહી છે. સ્કીમનો પ્રથમ તબક્કો ટૂંક સમયમાં જ શરૂ કરવામાં આવશે. વિશ્વના સૌથી મોટા જાહેર આરોગ્ય વિમા કાર્યક્રમ તરીકે આને ગણવામાં આવે છે. જેના ભાગરુપે ગરીબોને મફતમાં સારવાર આપવામાં આવશે. આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે, દેશની યુવા વસતીના પરિણામ સ્વરુપે વસતીના બાકીના લોકો માટે પ્રિમિયમ ઓછા રાખવામાં આવશે. સૂચિત યુનિવર્સલ હેલ્થ એસ્યોરન્સ મિશનની મુખ્ય વિશેષતા એ છે કે, ૫૦થી વધુ જીવનજરૂરી દવાઓ અને ૩૦થી વધુ આયુષ દવાઓને સરકારી હોસ્પિટલમાં તથા દેશભરમાં તમામ આરોગ્ય કેન્દ્રોમાં તમામ નાગરિકો માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. અટકાયતી અને હકારાત્મક આરોગ્યનો લક્ષી માહિતીના પેકેજ તમામ નાગરિકો માટે ઉપલબ્ધ રહેશે. આરોગ્ય વિમા યુનિવર્સલ હેલ્થ એસ્યોરન્સ મિશનની મુખ્ય વિશેષતા રહેશે. ભાજપના મુખ્ય ચૂંટણી વચન તરીકે આને ગણવામાં આવે છે. આરોગ્ય પ્રધાન હર્ષવર્ધને સમગ્ર વસતી માટે આને અમલી બનાવવા રૂપરેખા તૈયાર કરવા નિષ્ણાત જૂથની રચના કરી દીધી છે. નવમી જૂનના દિવસે સંસદને રાષ્ટ્રપતિના પ્રથમ સંબોધનમાં આની વાત કરવામાં આવી હતી. પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચના નિવૃત્ત પ્રોફેશર રણજીત રોયના નેતૃત્વમાં ગ્રુપ આઠ પખવાડિયામાં તેના અહેવાલને સુપ્રત કરી ચુકી છે. હાલમાં આરોગ્ય વિમા ૨૫ ટકા વસતીને આવરી લેશે. યુનિવર્સલ હેલ્થ મિશન આરોગ્ય સેક્ટરને પ્રોત્સાહન આપશે.

# પારિવારિક તકલીફ, માંદગી આત્મહત્યાના પ્રમુખ કારણો

નવી દિલ્હી,તા. ૫

ભારતમાં દર વર્ષે આત્મહત્યાના બનાવો લાખોથી પણ વધારે છે. આત્મહત્યાને રોકવા માટે ઘણા પગલા લેવામાં આવ્યા હોવા છતાં જુદા-જુદા કારણોસર આત્મહત્યાના બનાવો બની રહ્યા છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, આત્મહત્યા કરવા માટે જે મુખ્ય કારણો છે તેમાં પારિવારિક સમસ્યા અને માંદગી મુખ્ય કારણો પૈકી છે. આ બે કારણો પર કુલ આત્મહત્યા પૈકીના ૨૪ ટકા અને ૧૯.૬ ટકા જેટલા બનાવો બન્યા છે. બેરોજગારી, દેવુ અને ડ્રગ્સના ઉપયોગ જેવા કારણોસર પણ આત્મહત્યાના બનાવો બન્યા છે. સૌથી નોંધવા લાયક બાબત એ છે કે, પરણિત પુરુષો દ્વારા વર્ષ ૨૦૧૨માં મોટા પ્રમાણમાં આત્મહત્યા થઈ હતી. ૨૦૧૨માં પરણિત પુરુષોનો આંકડો ૬૪૦૯૮ હતો જ્યારે મહિલાઓમાં આ આંકડો ૨૪૪૯૧ હતો. ચાઈલ્ડ રાઈટ ઈનેસીએટીવ ફોર સેરેડ પેરેન્ટીંગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, પારિવારિક દબાણના કારણે આત્મહત્યા કરનાર પરણિત પુરુષોની સંખ્યામાં વધારો થયો છે. સીઆરઆઈએસપીના આંકડા દર્શાવે છે કે, ઈન્ડિયન પીનલકોડની કલમ ૪૯૮ (એ) અને ડોમેસ્ટીક વોઈલન્સ એક્ટ ૨૦૦૫ના દુરુપયોગના કારણે આત્મહત્યાના બનાવો વધ્યા છે.  આર્થિક ત્રાસ, માનસિક ત્રાસ જેવા કારણોસર પણ ઘરમાં લડાઈ ઝઘડા થાય છે. લોકપાલ બિલમાં કેટલીક જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત આત્મહત્યાના બનાવોને રોકવા માટે જુદી જુદી સંસ્થાઓ પણ સક્રીય થયેલી છે. પરંતુ આત્મહત્યાના બનાવ ઘટવાના બદલે વધારો થયો છે. છેલ્લા દશકમાં આત્મહત્યાની સંખ્યામાં ૨૧.૬ ટકાનો વધારો થયો છે જે ઘણો મોટો વધારો છે. ક્રાઈમ ઈન ઈન્ડિયા ટાઈટલ સાથે પ્રકાશિત અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે.

# ઈ-કોમર્સમાં દોઢ લાખ નવી રોજગારીની તક : અહેવાલ

નવી દિલ્હી,તા. ૫

ઈકોમર્સનુ કદ દેશભરમાં અતિ ઝડપથી વધી રહ્યુ છે. જેથી આગામી બેથી ત્રણ વર્ષના ગાળામાં જ આ ક્ષેત્રે ૧૫૦૦૦૦ નોકરીની તક સર્જાશે. ઈકોમર્સમાં નોકરીનો વરસાદ થનાર છે નોકરી મેળવવા ઈચ્છુક દેખાઈ રહેલા લોકો માટે ખુબ સારી તક રહેલી છે. ઈ કોમર્સ સેગમેન્ટમાં નોકરી, પગાર અને ગ્રોથની દ્રષ્ટિએ બેથી ત્રણ વર્ષના ગાળામાં જ ૨૦-૨૫ ટકાનો વધારો થવા જઈ રહ્યો છે. હાલમાં ઈ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝનુ કદ ૧૮૦૦૦ કરોડની આસપાસ છે. જે વર્ષ ૨૦૧૬ સુધી વધીને ૫૦૦૦૦ કરોડ સુધી પહોંચી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ઈકોમર્સનુ ચિત્ર ખુબ ગુલાબી દેખાઈ રહ્યુ છે. ટેલેન્ટની માંગ આ ક્ષેત્રમાં સતત વધી રહી છે. ભારતમાં ઈકોમર્સ સેક્ટરમાં તેજી દેખાઈ રહી છે. એન્ટલ ઈન્ટરનેશનલ નેટવર્ક ઈન્ડિયાના મેનેજિંગ ડિરેકટર જોસેફ દેવાસિયાએ કહ્યુ છે કે આ સેક્ટરમાં ૧૫૦૦૦૦ નોકરીની તક સર્જાશે. આ પ્રવાહ અંગે ટિપ્પણી કરતા બીઆઈટીએસના ચીફ પ્લેસમેન્ટ યુનિટ મની શંકર દાસ ગુપ્તાએ કહ્યુ છે કે ઈન્ડસ્ટ્રીઝમાં ખુબ મજબુત સ્થિતી છે. મુખ્ય કંપનીઓ એજેજોન, ઈબે, ફલીપકાર્ટ, મંત્ર જેવી કંપનીઓ નિયમિત આધારે ભરતી કરી રહી છે. સાથે સાથે જંગી રેવેન્યુ પણ અકત્રિત કરી રહી છે. આ વર્ષે પણ ભરતીમાં આ કંપનીઆજોરદાર ઉત્સાહ બતાવે તેવી શક્યતા છે. સેક્ટરમાં જોરદાર તેજી રહેતા હવે તમામ સ્તરે કુશળ લોકોની અછત દેખાઈ રહી છે. જેથી કુશળ લોકોને જાળવી રાખવા માટે અગ્રણી ઈકોમર્સ કંપનીઓ કરોડોના પગારની ચુકવણી પણ કરી રહી છે. આ સંબંધમાં નિષ્ણાંતોએ કહ્યું છે કે ભારતમાં મોટા ભાગની ઈકોમર્સ કંપનીઓએ વર્ષ ૨૦૧૩થી વર્ષ ૨૦૧૪ વચ્ચેના ગાળામાં પગારમાં ૧૦-૪૦ ટકા વચ્ચેનો વધારો કર્યો છે. તેમના દ્વારા ૧૦-૨૩ લાખ સુધીના પગારની ચુકવણી કરવામાં આવી રહી છે. એન્ટ્રી લેવલ પર મોટા પાયે કર્મચારીઓની ભરતી કરવામાં આવી રહી છે. મિડ અને સિનિયર સ્તરે પગારમાં દર વર્ષે ૧૦-૧૫ ટકા વચ્ચેનો વધારો કરવામાં આવી રહ્યો છે.

# જેહાદી શખ્સને શોધી કાઢવા જાસૂસી વડાઓને અંતે હુકમ

લંડન,તા. ૫

બ્રિટનના વડાપ્રધાન ડેવિડ કેમરુને એક પછી એક વ્યક્તિની ગળું કાપીને હત્યા કરી રહેલા ઇસ્લામિક સ્ટેટના કુખ્યાત શખ્સ જેહાદી જોનને શોધી કાઢવા જાસુસી વડાઓને અપીલ કરી છે. હાલમાં જ બ્રિટિશ બંધકની હત્યા કરી ચુકેલા આ બુરખાધારી શખ્સને પકડી પાડવા અથવા તો તેને મોતને ઘાટ ઉતારી દેવા ડેવિડ કેમરુન વધુ સંખ્યામાં સુરક્ષા દળોને મોકલવાની તૈયારી કરી રહ્યા છે. વડાપ્રધાને બ્રિટિશ સહાય કર્મચારી એલન હેનિંગના હત્યારાને શોધી કાઢવાની પ્રક્રિયા પણ વધુ તીવ્ર બનાવી દીધી છે. વિડિયોમાં આઈએસનો આ હત્યારો હાલમાં નજરે પડ્યો હતો. ડેવિડ કેમરુને ગઇકાલે જ તેમની ઓફિસમાં એમઆઈ-૫, એમઆઈ-૬, જીસીએચક્યુના વડાઓને બોલાવ્યા હતા અને તેમની સાથે વાતચીત કરી હતી. આઈએસના અપહરણકારો ઉપર ખાસ દરોડા પાડવા માટે ટાર્ગેટની જગ્યાઓએ ઉપલબ્ધ કરાવવા તેમને કહેવામાં આવ્યું છે. આતંકવાદીઓ દ્વારા બ્રિટનમાં જન્મેલા હેનિંગની હત્યા કરતો વિડિયો જારી કરવામાં આવ્યા બાદ આ બેઠક યોજાઈ હતી જેમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા થઇ હતી. સેલફોર્ડના ટેક્સી ડ્રાઇવર તરીકે કામ કરી ચુકેલા ૪૭ વર્ષીય હેનિંગની હત્યા કરવામાં આવ્યા બાદ બેઠકોનો દોર ચાલી રહ્યો છે. કેમરુને આ પગલા એવા સમયે લીધા છે જ્યારે હેનિંગના પરિવારના સભ્યોએ કેમરુન સરકાર ઉપર નિષ્ફળતાનો આક્ષેપ કર્યો છે. હેનિંગના પત્નિ બાર્બરાએ કહ્યું છે કે, પરિવારના સભ્યો આઘાતમાં છે પરંતુ હેનિંગની મુક્તિ માટે પ્રયાસ કરનાર લોકોનો આભાર માને છે. સરકારથી ખુબ જ નારાજ આ લોકો દેખાઈ રહ્યા છે. તેમનું કહેવું છે કે, કેસને યોગ્યરીતે હાથ ધરવામાં આવ્યો ન હતો. સ્કોટિસ સહાય વર્કર ડેવિડ હેન્સની ગયા મહિને હત્યા કરવામાં આવી હતી. અખબારોમાં જણાવવામાં આવ્યું છે કે, ઇન્ટેલીજન્સ વડાઓએ બાકીના બંધકોને જ્યાં રાખવામાં આવ્યા છે તે આતંકવાદી સેલ અંગે કેમરુનને માહિતી આપી છે પરંતુ આ અડ્ડાઓ અંગેની માહિતી વિશ્વસનીય દેખાતી નથી.

# પૂંચમાં પાકના જવાનો દ્વારા ફરી ગોળીબાર : તંગ સ્થિતિ

જમ્મુ,તા. ૫

પાકિસ્તાની સૈનિકોએ આજે સવારે પુંચ જિલ્લાના સાવજિયાન સેક્ટર અને મેનધાર સેક્ટરમાં યુદ્ધવિરામનો ભંગ  કરીને ભીષણ ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાને આ મહિનામાં ૧૦ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. જમ્મુ કાશ્મીરના પૂંચ જિલ્લામાં અંકુશરેખા પર પાકિસ્તાનના ગોળીબારથી ભારતીય જવાનોએ પણ સાવધાન થઇને જવાબી કાર્યવાહી કરી હતી. સંરક્ષણ પ્રવક્તા લેફ્ટી. કર્નલ મનિષ મહેતાએ માહિતી આપતા કહ્યું છે કે, પ ।કિસ્તાની સૈનિકોએ આજે સવારે આઠ વાગ્યાની આસપાસ પૂંચ જિલ્લાના બાલોની સબ સેક્ટરમાં અંકુશરેખા પર ભારતીય અગ્રિમ ચોકી ઉપર ભીષણ ગોળીબાર કર્યો હતો. જો કે, આ ગોળીબારમાં ભારતીય પક્ષે કોઇ ખુવારી થઇ નથી. પહેલી ઓક્ટોબર બાદથી પાકિસ્તાને ૧૦ વખત યુદ્ધ વિરામનો ભંગ કર્યો છે. પૂંચમાં અંકુશરેખા પર સાત વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો છે જ્યારે જમ્મુમાં આઈબી ખાતે ત્રણ વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો છે. જેના લીધે સરહદ પર વિસ્ફોટક સ્થિતી રહી હતી. જ્યારે ત્રીજી ઓક્ટોબરે



કાશ્મીર ખીણના ગુલમર્ગ સેક્ટરના આંતરરષ્ટ્રીય સરહદ અને અંકુશરેખાના ગામોને ટાર્ગેટ બનાવી ચાર વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. પહેલી અને બીજી ઓક્ટોબરે પણ પાકિસ્તાની સૈનિકોએ પૂંચ જિલ્લામાં એલઓસી ખાતે બે વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો જેમાં છ લોકો ઘાયલ થયા હતા અને કેટલાક મકાનોને નુકસાન થયું હતું. તાજેતરના મહિલાઓમાં અંકુશરેખા પર પાકિસ્તાને ૧૦૦થી વધુ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે.  અગાઉ શુક્રવારે પણ યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં બે લોકો ઘાયલ થયા હતા. લેફ્ટી. જનરલ સુબ્રતા સહાએ કહ્યુ હતું કે પાકિસ્તાની સૈનિકો દ્વારા નિયમિતરીતે ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. પાકિસ્તાન દ્વારા જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા અને ભારતીય ચોકીઓ પર કરવામાં આવેલા ગોળીબારમાં એકનુ મોત થયું હતુ. જ્યારે ચાર લોકો ઘાયલ થયા હતા. પાકિસ્તાને અગાઉ ૩૦મી સપ્ટેમ્બર અને પહેલી ઓક્ટોબરના દિવસે પણ સરહદ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાને બિનઉશ્કેરણીજનકરીતે ગોળીબાર કરીને તંગદીલી ફેલાવવાનુ પાકિસ્તાને જારી રાક્યું છે.

# હજુ ભારતના સંરક્ષણ બજેટ કરતા ચીનનુ બજેટ ખુબ મોટુ


નવી દિલ્હી,તા. ૫

ભારત સરકારે વર્ષ ૨૦૧૪-૧૫ માટે તેના સંરક્ષણ બજેટમાં હાલમાં જ ૧૨.૫ ટકાનો વધારો કર્યો હોવા છતાં તે ચીનના બજેટ કરતા ખુબ પાછળ છે. ભારતીય સેન્ય ખર્ચનો આંકડો ૨.૨૯ લાખ કરોડ રૂપિયા છે. જ્યારે ચીનના સંરક્ષણ બજેટનો આંકડો આઠ લાખ કરોડ રૂપિયા છે. આંકડા દર્શાવે છે કે ભારતીય સંરક્ષણ બજેટનુ કદ હજુ ચીન કરતા ખુબ ઓછુ છે. છેલ્લા સપ્તાહ દરમિયાન સામાન્ય બજેટ રજ કરવામાં આવ્યા બાદ નિષ્ણાંતો કહે છે કે ચીની સંરક્ષણ દળ માટે બજેટ ૨૦૧૪-૧૫ માટે ભારતના સંરક્ષણ બજેટ કરતા ૩.૫ ગણુ વધારે છે. ભારતીય સંરક્ષણ દળોને ગયા વર્ષે ૨.૦૩ લાખ કરોડની તુલનામાં આ વર્ષે ૨.૨૯ લાખ કરોડ રૂપિયા મળ્યા છે. ભારતીય સેના આ ફાળવણીમાં ૯૪૫૦૦ કરોડ રૂપિયા સાથે હથિયારોની ખરીદી કરશે અને બાકીની રકમ સાથે વર્તમાન સંપત્તિ અને વેતન ચુકવણી પર કરશે. ચીને ગયા વર્ષે તેનુ સંરક્ષણ બજેટ રજૂકર્યું હતુ. જેમાં ચીને સંરક્ષણ બજેટમાં ૧૨.૨ ટકાનો વધારો કરીને તેનુ કદ આશરે આઠ લાખ કરોડ સુધી કર્યું હતુ. વર્ષ ૨૦૧૩માં ચીનના રાષ્ટ્રીય સંરક્ષણ બજેટ પર ૭૨૦.૧૯૭ અબજ યુઆન એટલે કે સાત લાખ કરોડ ખર્ચ કરવામાં આવ્યો હતો.

# જાવેદ અખ્તરને બોલીવુડમાં ૫૦ વર્ષ પરિપૂર્ણ થઈ ગયા

મુંબઈ, તા.૫

જાણિતા કવિ, ગીતકાર અને પટકથાકાર જાવેદ અખ્તરને બોલીવુડમાં ૫૦ વર્ષ થઇ ચુક્યા છે. જાવેદ અખ્તરે બોલીવુડમાં વિશેષ સ્થાન મેળવ્યું છે. સલીમ ખાન સાથે જાવેદ અખ્તરે સૌથી સફળ જોડી જમાવી હતી. ૧૯૭૧થી લઇને ૧૯૮૨ વચ્ચેના ગાળામાં સલીમ જાવેદની જોડી જાણિતી રહી હતી. જાવેદ અખ્તરે સાહિત્ય અકાદમી એવોર્ડ અને ૧૩ વખત ફિલ્મ ફેર એવોર્ડલ જીત્યા છે. જાવેદ અખ્તરના બાળકો પણ હવે બોલીવુડમાં સક્રિય થઇ ચુક્યા છે જેમાં જોયા અખ્તર ફિલ્મ



નિર્માણમાં છે જ્યારે ફરહાન અખ્તર અભિનેતા અને ફિલ્મ નિર્માણના ક્ષેત્રે છે. જાવેદ અખ્તરનું મુળભુત નામ જાદુ હતું. તેમના પિતા દ્વારા લખવામાં આવેલી કવિતાની લાઇનથી તેમનું નામ જાદુ રાખવામાં આવ્યું હતું. મોડેથી જાવેદ નામ તેમને આપવામાં આવ્યું હતું. લખનૌમાં અને અલીગઢ મુસ્લિમ યુનિવ સિટીમાંથી તેઓએ શિક્ષણ મેળવ્યું હતું. ૫૦ વર્ષ અગાઉ તેઓ મુંબઈમાં આવ્યા હતા. ગ્વાલિયરથી મુંબઇમાં કેરિયર બનાવવાના હેતુસર પહોંચ્યા હતા. જાનનિશાર અખ્તરના ઘરે તેમનો જન્મ થયો હતો. ૬૯ વર્ષીય જાવેદ અખ્તરને પ્રથમ બ્રેક ૧૯૬૯માં મળ્યો હતો ત્યારબાદ પાછળ વળીને જોયુ ન હતું. તેમના ગીતો, પટકથા આજે  પણ અમર છે. સલીમ ખાન સાથે તેમની જોડી જામી હતી. સલીમ ખાન સાથે મળીને જાવેદ અખ્તરે ભારતીય હિન્દી સિનેમાની સૌથી મોટી ફિલ્મો આપી છે જેમાં ઝંઝીર, દિવાર, શોલે, હાથી મેરે સાથી, સીતા ઓર ગીતા અને ત્રિશુલનો સમાવેશ થાય છે. સાહિત્યમાં તેમનું યોગદાન પણ ઉલ્લેખનીય રહ્યું છે જેથી તેમને પદ્મશ્રી અને પદ્મભૂષણથી સમ્માનિત પણ કરવામાં આવ્યા છે. જાવેદ અખ્તરે શબાના આઝમી સાથે ૧૯૮૪માં લગ્ન કર્યા હતા. અગાઉ હની ઇરાની સાથે લગ્ન કર્યા હતા પરંતુ છુટાછેડા થયા હતા.